નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




પીડિત પરિવારોના પડખે ઉભુ રહેતું રાજકોટ: સ્વયંભૂ બંધ

જુઓ પેજ નં.૦૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :26 JUNE 2024 | WEDNESDAY | Page :15 | Year : 2 | Issue :76 | Price: 2/-

# રાહુલ ગાંધી બનશે લોકસભાના વિપક્ષના નેતા

નવી દિલ્હી.તા.૨૬

લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પરિણામો આવ્યા બાદ એનડીએની નવી સરકાર બની ગઈ છે. હવે લોકસભામાં વિપક્ષ તરફથી નેતા કોણ હશે?, તેની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. જોકે હવે આ ચર્ચા પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે અને ઉત્તર પ્રદેશની રાયબરેલી લોકસભા બેઠક પરના સાંસદ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા જાહેર કરવામાં આવ્યા છે.

દરમિયાન આજે (૨૫ જૂન) કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે એક બેઠક યોજાઈ હતી, જેમાં રાહુલ ગાંધીને વિપક્ષના નેતા બનાવવા માટે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બનશે. અમે કોંગ્રેસની બેઠકમાં આ નિર્ણય લીધો છે. કોંગ્રેસ સંસદીય દળના ચેરપર્સન સોનિયા ગાંધીએ પ્રોટેમ સ્પીકરને પત્ર લખીને જણાવ્યું છે કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી બનશે. થોડા દિવસો પહેલા કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં સર્વસંમતિથી માંગણી કરાઈ હતી કે, રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બને. બેઠકમાં કોંગ્રેસ કમિટીના સભ્યોએ પ્રસ્તાવ પાસ કરી કહ્યું હતું કે, રાહુલ ગાંધીને જ લોકસભામાં પાર્ટીના નેતા બનાવવામાં આવે. જોકે લોકસભામાં વિપક્ષી નેતા તરીકે પોતાનું નામ મોકલતા પહેલા રાહુલ ગાંધીએ



## સોનિયા ગાંધીએ પ્રોટેમ સ્પીકરને લખ્યો પત્રઃ કમિટીના સભ્યોએ રાહુલના નામનો પ્રસ્તાવ પાસ કર્યો હતો

વિચારવાનો સમય માગ્યો હતો.

બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, હું આપ સૌને તે બાબત પર ધ્યાન આપવા માંગું છું કે, દેશમાં જ્યાં જ્યાં ભારત જોડો યાત્રા પહોંચી હતી, ત્યાં કોંગ્રેસની મત ટકાવારી અને કોંગ્રેસની બેઠકોમાં વધારો થયો છે.

# કેજરીવાલને એક જ દિવસમાં બીજો ઝટકોઃ પહેલા હાઈકોર્ટે જામીન રદ કર્યા, સીબીઆઇએ જેલમાંથી કરી ધરપકડ

નવી દિલ્હી.તા.૨૬

દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં કથિત મની લોન્ડ્રિંગ કેસમાં તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે એક જ દિવસમાં બીજો ઝટકો મળ્યો છે. દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલને જામીન આપવાના નીચલી અદાલતના આદેશને રદ કરી કેજરીવાલની મુશ્કેલી વધારી છે, ત્યારે હવે સીબીઆઇએ તિહાર જેલમાં તેમની પૂછપરછ કર્યા બાદ ધરપકડ કરી છે. મળતા અહેવાલો મુજબ આવતીકાલે સુપ્રીમ કોર્ટમાં ઈડીની અરજી મુદ્દે કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી થવાની છે. જોકે તેના એક દિવસ પહેલાં જ સીબીઆઇએ તિહાર જેલમાંથી કેજરીવાલની ધરપકડ કરી લીધી છે. દરમિયાન સુપ્રીમ કોર્ટમાં આવતીકાલે મની લોન્ડ્રિંગ કેસમાં જામીન અરજી મામલે સુનાવણી હાથ ધરાશે.

સીબીઆઇએ મુખ્યમંત્રી કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં તિહાર જેલમાં પૂછપરછ કરી હતી. ત્યારબાદ કેન્દ્રીય એજન્સીએ તેમની ધરપકડ કરી છે. એજન્સીએ કેજરીવાલનું નિવેદન પણ રેકોર્ડ કર્યું છે. તેમને આવતીકાલે કોર્ટમાં હાજર કરવામાં આવશે અને એજન્સી તેમની કસ્ટડી માંગશે.

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે આક્ષેપ કર્યો છે કે, સરકાર અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ મોટું ષડયંત્ર રચી રહી છે. તેમણે કહ્યું કે, તેમના વિરુદ્ધ ખોટો કેસ બનાવાયો છે. કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળવાની પુરી સંભાવના છે. જોકે તેમને જામી મળે તે પહેલા કેન્દ્રની ભાજપ સરકારે સીબીઆઈ સાથે મળીને કેજરીવાલ વિરુદ્ધ ખોટો કેસ તૈયાર કરી તેમની ધરપકડ કરવાનું ષડયંત્ર રચ્યું છે. દેશભરના લોકો ભાજપ અને કેન્દ્ર સરકારનો અત્યાચાર અને અન્યાય જોઈ રહ્યા છે. તમામ લોકો કેજરીવાલની સાથે અને ભાજપના અત્યાચાર વિરુદ્ધ ઉભા છે અને એક સાથે મળીને અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવશે.

# નવી સરકારની તૈયારી, દેશભરમાં ૧૮ હજાર કિ.મી.ના એક્સપ્રેસ વે અને હાઈસ્પીડ કોરીડોર બનાવશે

નવી દિલ્હી.તા.૨૬

નીતિન ગડકરી અને તેમની આગેવાની હેઠળના માર્ગપરિવહન અને હાઈવેઝ મંત્રાલયે ૩૦ હજાર કિલોમીટરના હાઈવે અને એક્સપ્રેસવેનું આયોજન તૈયાર કર્યુ છે અને આ માટે સરકારના બજેટમાંથી કુલ ૨૨ લાખ કરોડ રુપિયાની માંગ કરી છે.

માર્ગ પરિવહન અને હાઈવેઝ, મંત્રાલયનું કહેવું છે કે ૨૦૩૧-૩૨ સુધી દેશમાં ૩૦,૬૦૦ કિ.મી.ના હાઈવે બનાવવામાં આવશે. આ આયોજન નાણા



મંત્રાલયને સોંપવામાં આવ્યું છે અને બધા અગત્યના મંત્રાલયો સાથે તે શેર કરવામાં આવ્યું છે. આ પ્લાન મુજબ દેશભરમાં ૧૮ હજાર કિલોમીટરના એક્સપ્રેસ વે અને હાઈસ્પીડ કોરીડોર બનાવવાની તૈયારી છે.

આ ઉપરાંત શહેરની આસપાસના ૪૦૦૦ કિ.મી.ના હાઈવેને ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવાનું આયોજન પણ છે. તેની સાથે સરહદી વિસ્તારોમાં પણ રસ્તાઓ બનાવવાની યોજના છે, જેનું વ્યૂહાત્મક રીતે આગવું મહત્ત્વ છે. મંત્રાલયના જણાવ્યા મુજબ આ માટે ૨૫ ટકા રકમ ખાનગી ક્ષેત્રમાંથી આવશે.

આ માટેની યોજના બે તબક્કામાં તૈયાર કરી દેવામાં આવી છે. તેમા પહેલા રાઉન્ડ હેઠળ ૨૦૨૮-૨૯ માં ટેન્ડર જારી કરવાની બધી પ્રક્રિયા પૂરી થઈ જશે. આ પ્રોજેક્ટમાં કુલ ૨૨ લાખ કરોડ રુપિયાનું રોકાણ થશે. આ ઉપરાંત મંત્રાલયે દર વર્ષે તેની ફાળવણીમાં દસ ટકા વધારો કરવાની પણ માંગ કરી છે, જેથી યોજનાઓ પૂરી કરી શકાય.

સરકારે વચગાળાના બજેટમાં હાઈવે મંત્રાલયને ૨.૭૮ લાખ કરોડ રુપિયાની ફાળવણી કરી હતી, જે ગયા વર્ષ કરતાં ૨.૭ ટકા વધારે હતી. માર્ગ પરિવહન મંત્રાલયની બીજા તબક્કાની યોજના તૈયાર છે જેના હેઠળ ૨૮,૪૦૦ કિ.મી.ના હાઈવે બનશે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# લોકસભાનું સત્ર શરૂ



અઢારમી લોકસભાનું પ્રથમ સત્ર ગઈકાલથી શરૂ થઈ રહ્યું છે અને ભારતીય સંસદના કામકાજમાં રહેલી ખામીઓને દૂર કરવાની આ શ્રે તક છે. નવી લોકસભાને અગાઉની બે લોકસભા કરતાં અલગ ગણવામાં આવી રહી છે, કારણ કે તે પ્રસંગોએ ભારતીય જનતા પાર્ટી પાસે સંપૂર્ણ બહુમતી હતી. વિપક્ષ આ વખતે જોરાવર છે ઉપરાંત ભાજપને સાથી પક્ષોનું પરાવલંબન પણ છે. કટોકટીકાળની પચાસમી વરસીના ઉલ્લેખ સાથે વડાપ્રધાન મોદીએ અઢારમી લોકસભાને સંબોધીને કહ્યું કે પચાસ વરસ પહેલાં બંધારણ ફેંકી દેવાયું હતું. આ વખતે પણ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પાસે બહુમતી છે, પરંતુ તેને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના સહયોગીઓનો ટેકો લેવો પડયો છે. તેમને તેમના કાયદાકીય કાર્યસૂચિને આગળ વધારવા માટે તેમની મદદની પણ જરૂર પડશે.

આ સિવાય વિપક્ષ પાસે પણ આ વખતે સારી એવી સીટો છે. જો વિપક્ષ આગામી ચાર રાજ્યોની ચૂંટણી પૂર્વે ગઠબંધન જાળવવામાં સફળ થાય છે, તો તે સરકારની નીતિઓ અંગે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવવાની સ્થિતિમાં હશે. દેખીતી રીતે સંસદીય લોકશાહી માટે આ વધુ સારું રહેશે. ૧૦ વર્ષ બાદ વિપક્ષના ઔપચારિક નેતા પણ ગૃહમાં હાજર રહેશે. પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા સંકલિત ડેટા અનુસાર, ૧૭મી લોકસભાએ તેના નિર્ધારિત સમયના ૮૮ ટકા કામ કર્યું. જોકે, ગૃહની બેઠકના દિવસોની સરેરાશ વાષક સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દર વર્ષે સરેરાશ ૫૫ દિવસ લોકસભાની કાર્યવાહી ચાલતી હતી, જ્યારે ૧૬મી લોકસભામાં આ સરેરાશ ૬૬ દિવસ હતી. તેની સરખામણીમાં પહેલી લોકસભામાં આ સમયગાળો ૧૩૫ દિવસનો હતો. જોકે રોગચાળાએ આ વાષક સરેરાશ દિવસોમાં ઘટાડો કર્યો  છે, પરંતુ ૧૫માંથી ૧૧ સત્રો વહેલા સમાપ્ત કરવા પડયાં. કામકાજના દિવસોની આ અછતને કારણે ગૃહની કામગીરી પર ઊંડી અસર પડી છે.

પાછલી લોકસભામાં લગભગ ૩૫ ટકા બિલો એક કલાકથી ઓછા સમયમાં પસાર થઈ ગયાં હતાં. નોંધનીય બાબત એ છે કે ૧૭મી લોકસભા દરમિયાન બંને ગૃહોના સભ્યોને સસ્પેન્ડ કરવાની ૨૦૬ ઘટનાઓ બની હતી. ૨૦૨૩ના શિયાળુ સત્રમાં ગેરવર્તણૂકના કારણે ૧૪૬ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તાજેતરના પ્રદર્શનને જોતાં, ૧૮મી લોકસભામાં વર્તમાન વલણ બદલાશે તેવી અપેક્ષા રાખવી વ્યાજબી છે. જ્યારે ગૃહની સુચારૂ કામગીરીની જવાબદારી શાસક પક્ષની છે, ત્યારે વિપક્ષ પણ સકારાત્મક ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. એકંદરે, શાસક પક્ષે પણ ઓછામાં ઓછા બે મોરચે સુધારો કરવાની જરૂર છે. પ્રથમ, લોકસભા અથવા બંને ગૃહોમાં એક વર્ષમાં કામકાજના દિવસોની સંખ્યા વધારવી પડશે. આનાથી સભ્યોને સંબંધિત મુદ્દાઓ ઉઠાવવાની અને સરકારનું ધ્યાન આકષત કરવાની તક મળશે.

બીજું, ખરડાઓ યોગ્ય ચર્ચા કર્યા વિના પસાર ન કરવા જોઈએ. સંસદીય પ્રણાલીમાં, સરકાર પાસે હંમેશા બહુમતી હોય છે, પરંતુ તેનો અર્થ એવો ન હોવો જોઈએ કે બિલો ચર્ચા વિના પસાર થઈ જાય. સરકારે વિપક્ષને દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તક આપવી જોઈએ. આ સિવાય ૧૭મી લોકસભામાં ૨૦ ટકાથી ઓછાં બિલ સમિતિઓને મોકલવામાં આવ્યા હતા, જ્યારે ૧૫મી લોકસભામાં ૭૧ ટકા બિલ સમિતિઓને મોકલવામાં આવ્યા હતા. સંસદીય સમિતિઓ ખરડાઓનું મૂલ્યાંકન કરવા માટેની સંપૂર્ણ પદ્ધતિ છે, જે સંબંધિત તમામ પક્ષો વચ્ચેના મતભેદોને ઉકેલવા માટે કામ કરે છે. આ સિસ્ટમનો વધુ અસરકારક ઉપયોગ થવો જોઈએ. આનાથી સરકારને વ્યાપક ચર્ચા કરવાની તક મળશે. ખાસ કરીને સંવેદનશીલ મુદ્દાઓ પર. કોઈ વિચારની રાજકીય સ્વીકૃતિ માટે ચર્ચા અને સર્વસંમતિ નિર્માણ જરૂરી છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવી જોઈએ કે નવા લોકસભા અધ્યક્ષ, સરકાર અને વિપક્ષ મળીને ગૃહમાં વિક્ષેપ અને સ્થગિતતાને ઘટાડવાનો પ્રયાસ કરશે. લોકસભામાં શું ચાલે છે તેનાથી હવે ભારતીય પ્રજા અજ્ઞાાત નથી, કારણ કે તેનું જીવંત પ્રસારણ લોક નજરે ચડે છે.

# મનપાના હોકર્સ ઝોનમાં ડે.કમિશ્નર જાતે ત્રાટકયાઃ પનીર સહિત 44 કિલો માલનો નાશ

## ચોમાસામાં પાણીજન્ય રોગચાળો રોકવા હોટલો સહિતના સ્થળે ડ્રાઈવ શરૂ :11 ધંધાર્થીને ત્યાંથી વાસી ખાદ્ય પદાર્થ મળી આવ્યા

રાજકોટ, તા.૨૬

રાજકોટમાં ચોમાસાનો વરસાદ શરૂ થઇ ગયો છે અને જિલ્લાના ઉપલેટા પંથકમાં પાણીજન્ય કોલેરાના રોગના કેસ બહાર આવ્યા છે ત્યારે મ્યુનિ. કોર્પોરેશન વધુ સતર્ક બન્યું છે. ગઇકાલે ડે.કમિશ્નર ખુદ ફુડ વિભાગની ટીમ લઇને હોટલથી માંડી લારીઓ સુધી ચેકીંગમાં નીકળ્યા છે ત્યારે કાલાવડ રોડ પર એ.જી. ચોકમાં આવેલા મનપાના જ હોકર્સ ઝોનમાં દરોડા પાડયા હતા. જેમાં ૧૧ લારીઓમાંથી બાંધેલો લોટ, ગ્રેવી, મસાલા, પનીર, પીઝા સહિતના ૪૪ કિલો વાસી માલનો નાશ કર્યો છે.



ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગચાળો ફેલાય નહી તે માટે નાયબ કમિશ્નર સ્વપ્નિલ ખરેની સૂચના તથા માર્ગદર્શન હેઠળ ફૂડ વિભાગ દ્વારા ખાણીપીણીની લારી, હોટેલ, રેસ્ટોરેન્ટ વગેરેમાં વિશેષ ચકાસણી ઝૂબેશ હાથ ધરવામાં આવેલ છે.જેઅન્વયે સેફ્ટી વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કાલાવડ રોડ પર એ.જી. ચોકમાં આવેલ હોકર્સ ઝોનમાં ખાણીપીણીના ૨૮ ધંધાર્થીને ત્યાં ચેકીંગ કર્યુ હતું અને ૧૧ ધંધાર્થીને ત્યાંથી ૪૪ કિલો માલ વાસી મળતા સ્થળ પર જ નાશ કરી નાંખ્યો હતો.

જે જગ્યાએથી વાસી માલ મળ્યો તેમાં (૧)દિલખુશ પાણીપુરીમાં બટેટા, ઢોકળાનું ખીરું ૭ કિલો (૨)બાલા ચાઇનીઝ પંજાબીમાંથી આજીનો મોટો ૭ કિલો (૩)જયશ્રી રામ ચાઇનીઝ પંજાબીમાંથી બાંધેલો લોટ, ગાર્લિક પેસ્ટ ૪ કિલો (૪)હર હર મહાદેવ ચાઇનીઝમાંથી ગ્રેવી તથા નુડલ્સ ૬ કિલો (૫)માહિર મદ્રાસ કાફેમાંથી પાંચ કિલો બટેટાનો મસાલો (૬)માહિર ચાઇનીઝ પંજાબીમાંથી પાંચ કિલો  ગ્રેવી તથા આજીનો મોટો (૭)પીઠડ ચાઇનીઝ પંજાબીમાંથી બે કિલો વાસી પનીર(૮) યશ ફાસ્ટફૂડમાંથી બે કિલો મીઠી ચટણી (૯)શ્રીનાથજી ભેળ પાણીપૂરીમાંથી ત્રણ કિલો બાફેલા બટેટા (૧૦)ભોલા ફાસ્ટફૂડમાંથી બે કિલો વાસી પિઝા  (૧૧)રૂહી વેજ મોમઝમાંથી એક કિલો પનીર મળી કુલ ૪૪ કિલો અખાદ્ય માલને ફેંકી દેવામાં આવ્યો હતો.આ ઉપરાંત (૧૨)પટેલ ચાઇનીઝ પંજાબી (૧૩)જય બાલાજી કરછી દાબેલી (૧૪)બજરંગ ઘૂઘરા (૧૫)ભેરુનાથ કસાટા આઇસ્કીમ (૧૬)જિલ્લાની વડાપાઉં (૧૭)ક્રિષ્ના પાઉંભાજી (૧૮)જલારામ કોલ્ડ્રિંક્સ (૧૯)શુભમ સેન્ડવીચ (૨૦)ગાયત્રી મદ્રાસ કાફે (૨૧)કિશનભાઈ બટેટાવાળા (૨૨) શન્નીભાઈ બટેટાવાળા (૨૩)દેવ ફાસ્ટફૂડ (૨૪)દેવ મદ્રાસ કાફે (૨૫)ચાઇનીઝ એકસપ્રેસ (૨૬)ક્રિષ્ના ચાઇનીઝ પંજાબી (૨૭)એન જોય પોઈન્ટ (૨૮)ઉસ્તાદ લાઈવ કાઠિયાવાડીમાં તપાસ કરાઇ હતી. રામનાથપરામાંથી હલકુ પનીર મળી આવવાનો કેસ ચાલી જતા અધિક કલેકટર ઈમ્તિયાઝ કાણીયાને રૂા. પાંચ લાખ અને હાથીખાનામાંથી ઈશ્વર લાલજીભાઇ કાકુની મીઠી ચટણીમાં ભેળસેળ મળતા રૂા. દોઢ લાખનો દંડ કરાયાની જાણ આરોગ્ય વિભાગને જિલ્લા તંત્રએ કરી છે.

# પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરનાર વધુ 282 વેપારીઓ દંડાયા

રાજકોટ,તા.૨૬

મનપા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૧ થી તા.૨૪ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૨૮૨ આસામીઓ પાસેથી ૩૧.૮૩૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૫,૨૬૭/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૦૮ આસામીઓ પાસેથી ૧૦.૦૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક  જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૫૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૦૦ આસામીઓ પાસેથી ૧૭.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક  જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૦૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૭૪ આસામીઓ પાસેથી ૪.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૯૮૧૭/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.







# પીડિત પરિવારોના પડખે ઉભુ રહેતું રાજકોટઃ સ્વયંભૂ બંધ

## કોંગ્રેસના બંધના એલાનને રાજકોટના વેપારીઓએ સંપૂર્ણ સમર્થન આપ્યું

રાજકોટ તા.૨૫

રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાની પ્રથમ માસિક પુણ્યતિથિ છે. આ ઘટના એટલી હૃદયદ્રાવક હતી કે કોઈપણ વ્યકિત હજુ સુધી ભુલી શકયું નથી. આ ઘટનામાં ૨૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યારે આજે આ ઘટનાને પગલે મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવવા રાજકોટ બંધનું એલાન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેને રાજકોટની જનતાએ સમર્થન જાહેર કરી સવારથી બજારો બંધ રાખવામાં આવી હતી. આ બંધના એલાનમાં રાજકોટની મુખ્ય બજારો ગણાતી દાણાપીઠ, લાખાજીરાજ રોડ, જંકશન વેપારી મંડળ, પરાબજાર, ચુનારાવાડ ચોક, ઢેબર રોડ, ગુંદાવાડી સહિતની બજારો સજજડ બંધ રહી હતી. આ ઉપરાંત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, કાપડ મર્ચન્ટ એસો. ગોલ્ડ ડીલર એસો., કબાડી બજાર એસો., સહિતના તમામ એસો.એ બંધના એલાનને સમર્થન જાહેર કર્યું હતું. આજે સવારે કોઈ વેપારીઓએ દુકાન ખોલી ન હતી. બપોરના ૧૨ વાગ્યા સુધી દુકાનો બંધ પાળી સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. કોંગ્રેસ અગ્રણી જીગ્નેશ મેવાણી અંદાજે ૭૦,૦૦૦થી વધુ વેપારીઓને મળ્યા હતા અને બંધના એલાનમાં જોડાવવા અપીલ કરી હતી. આ તકે વેપારીઓએ પણ સમર્થન જાહેર કર્યું હતું. કેટલીક જગ્યાએ દુકાનો ખોલવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા બંધ કરાવવામાં આવી હતી. અગ્નિકાંડની ગોઝારી ઘટના બાદ રાજકોટવાસીઓ પીડિત પરિવારોના પડખે ઉભા રહ્યા છે. આજના બંધના એલાને આ સમર્થને સાબીત કરી બતાવ્યું. સવારથી તમામ વેપારીઓએ વેપાર ધંધા બંધ રાખી બંધ પાડયું હતું. રાજકોટની જનતા સંવેદનશીલ છે. કોઈ પણ આપત્તી હોય વિપત્તીના સમયે એકજુથ થઈ જાય છે. ત્યારે હાલના કપરા સમયમાં રાજકોટવાસીઓએ પીડિતોને સંપૂર્ણ સમર્થન આપ્યું અને સંવેદનશીલતા દાખવી અડધો દિવસ બજાર બંધ પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ત્યાર બાદ બપોરે ૧ વાગ્યા પછી દુકાનો ખુલી જવા પામી હતી.






# કોંગ્રેસી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત

## અગ્નિકાંડની માસીક પુણ્યતિથિએ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ બંધના એલાનમાં કાર્યકરો ખુલ્લી રહેલી દુકાનો બંધ કરવા નીકળ્યાં ત્યારે પોલીસે દમનગારી નીતિ અપનાવી

રાજકોટ.તા.૨૫

શહેરમાં મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમઝોન થયેલ આગકાંડમાં ૨૭ લોકો જીવતા આગમાં હોમાઈ ગયાં હતાં. ૨૭ ઝીંદગી એટલી હદે સળગી ગઈ હતી કે તેની ઓળખ મેળવવા પરિવારજનોના ડીએનએ લેવામાં આવ્યાં હતાં અને બાદમાં મૃતક કોણ છે તેની ઓળખ થઈ હતી. જ૩ ઘટનાથી રાજકોટ સહિત ગુજરાતભરમાં શોક સાથે રોષ ફેલાયો હતો.

આગકાંડને એક માસ પુરુ થતાં કોંગ્રેસ પક્ષ દ્વારા રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું હતું અને સફળ પણ થયું હતું. કોઈ જગ્યાએ ખુલ્લી રહેલ દુકાનો બંધ કરાવવા ગયેલ કોંગ્રેસ કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું અને પોલીસે દમનકારી નીતિ અપનાવી ૫૦ થી વધું કોંગ્રેસી કાર્યકર્તાઓની ટીંગા ટોળી કરી અચકાયત કરવામાં આવી હતી.

આજે કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ બંધમાં શહેરમાં અલગ અલગ જગ્યાએ પોલીસના ઘાડે-ધાડા ઉતારી દેવામાં આવ્યાં હતાં. વ્હેલી સવારથી જ શહેરીજનોએ પણ સાથ સહકાર આપી અને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પિ હતી. પરંતુ જે-જે જગ્યાએ દુકાનો સહિતના ધંધાર્થીઓ પોતાના ધંધા ખુલ્લા રાખી બેઠાં હતાં તેઓને વિનંતી કરી બંધ કરવા નીકળેલા કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓને પોલીસે અટકાવી ઘર્ષણ પર ઉતરી આવી હતી.

જેમાં કોંગ્રેસ કાર્યકર્તાઓ યાજ્ઞિક રોડ, પેલેસ રોડ, ગોંડલ રોડ સહિતના વિસ્તારોમાં ફરી ધંધા ખુલ્લી રાખી બેઠેલાં વેપારીઓને સમજાવી દુકાનો બંધ કરવાં માટે વિનંતી કરી રહ્યાં હતાં ત્યારે પોલીસ ત્રાટકી હતી અને ઘર્ષણ પર ઉતરી આવી હતી. કાલાવડ રોડ પર



સ્વામિનારાયણ મંદિર સામે આવેલ નકલંક હોટલ નજીક જ્યારે કાર્યકર્તાઓ દુકાનો બંધ કરાવવા વિનંતી કરી રહ્યાં.

ત્યારે માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈ સહિતનો પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને મૃતક આશાબેન કાથડના ભાઈ સહિત કોંગ્રેસ કાર્યકર્તાઓ સાથે ઝપાઝપી કરી હતી અને બાદમાં મૃતક આશાબેનના ભાઈ કમલેશભાઈ સહિતના ૫૦ લોકોને ટીંગટોળી કરી પોલીસ વાનમાં બેસાડી અચકાયત કરવામાં આવી હતી અને અચકાયત કરેલ લોકોને અલગ અલગ પોલીસ મથક અને હેડ ક્વાર્ટરમાં લઈ જવાયા હતાં.

### મહિલા કાર્યકર્તાએ પોલીસ વાન પર ચડી વિરોધ દર્શાવ્યો

અગ્નિકાંડની માસિક પુણ્યતિથિએ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ રાજકોટ બંધના એલાનમાં મહિલા કાર્યકર્તાઓ જોડાયા હતાં. જેમાં કાલાવડ રોડ પર દુકાનો બંધ કરવા નીકળેલા કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જે બાદ મહિલા કાર્યકર્તા પોલીસ વાન પર ચડી જઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જે બાદ પોલીસે મહિલા પોલીસને બોલાવી મહિલા કાર્યકર્તાની પણ ટીંગાટોળી કરી અચકાયત કરવામાં આવી હતી.

### સ્વામિનારાયણ ચોકમાં ૧૦ કાર્યકરોની અટકાયત

રાજકોટ અગ્નિકાંડની પ્રથમ માસિક તિથિએ કોંગ્રેસ દ્વારા રાજકોટ બંધનું એલાન અપાયું હોય કાર્યકરો ખુલી ગયેલી દુકાનો વિનંતી કરી બંધ કરાવતા હતા.તે સમયે પોલીસે આવી કોંગ્રેસ આગેવાન પ્રભાતભાઈ ડાંગર, કમલેશભાઈ કોઠીવાર, અશ્વિનભાઈ બકુત્રા, કરશનભાઈ મુછળીયા, ઉપરાંત એનએસયુઆઈના કાર્યકરો સહિત ૧૦ લોકોની અટકાયત કરી માલવીયાનગર પોલીસ મથકે લઈ જવાયા હતાં.

# શાળા-કોલેજો સ્વયંભૂ સજ્જડ બંધ અમુક સંસ્થાઓ ખુલ્લી રહેતા બઘડાટી

## એનએસયુઆઈ–યુથ કોંગ્રેસના કાર્યકરો–હોદ્દેદારોની ટીમે સ્કુટર રેલી સાથે સવારથી જ મેદાનમાં ઉતરી શહેર ભાજપના પ્રમુખની સૌરાષ્ટ્ર હાઈસ્કુલ તેમજ માતૃમંદિર સ્કુલ, પારૂલ હોમીયોપેથીક કોલેજ સહિતની ૧૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરાવી

રાજકોટ તા.૨૫

ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડના પીડિતોના દુખમાં સહભાગી બનવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે રાજકોટ બંધના અપાયેલા એલાનને સારો પ્રતિસાદ સાંપડેલ છે. શહેરભરના તમામ વેપારીઓએ સ્વયંભૂ અડધો દિવસ બંધ પાળ્યો હતો. તેની સાથોસાથ શાળા કોલેજોએ પણ બંધ પાળી ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના દિવંગતોને અંજલી અર્પીત કરી હતી.રાજકોટ બંધના આ એલાન દરમ્યાન શાળા-કોલેજોને બંધ કરાવવા માટે એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરો સ્કુટર રેલી સાથે મેદાનમાં ઉતરી પડયા હતા. જેમાં રાજકોટ શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશીની સૌરાષ્ટ્ર હાઈસ્કુલ સહિતની શરૂ રહેલી ૧૦ જેટલી શૈક્ષણિક સંસ્થાને બંધ કરાવવામાં આવી હતી. કોંગ્રેસના યુવા આગેવાન રાજદીપસિંહ જાડેજા, રોહિતસિંહ રાજપૂત, એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, યુવા કોંગ્રેસના પ્રમુખ અલ્પેશ સાધરીયા, હરપાલસિંહ જાડેજા, ઈશ્વર ડામોર, અંકિત સોંદરવા, કરણ મોદી, મયુર ખોખર, એનએસયુઆઈના શહેર જીલ્લા પ્રમુખ બ્રિજરાજસિંહ રાણા, રીયાઝ સુમરા, આર્યન કનેરીયા સહિતના હોદેદારો અને કાર્યકરોએ સ્કુટર રેલી સાથે અમીન માર્ગથી ટાગોર રોડ, ગોંડલ રોડ, ભકિતનગર સર્કલ, ઢેબર રોડ, ગોંડલ રોડ, યાજ્ઞિક રોડ, એસ્ટ્રોન ચોક, અંડરબ્રીજ, સ્વામીનારાયણ મંદિર સહિતના વિસ્તારોમાં સ્કુટર રેલી યોજી ફરી વળ્યા હતા. આ અંગે કોંગ્રેસના પ્રવકતા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે તેઓ તથા કોંગ્રેસના હોદેદારોની ટીમ દ્વારા શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશીની સૌરાષ્ટ્ર હાઈસ્કુલ તેમજ માતૃમંદિર સ્કુલ, પારૂલ હોમીયોપેથીક કોલેજ સહીતની ૧૦ સંસ્થાઓને બંધ કરાવવામાં આવી હતી. જેમાં શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશીની સ્કુલ સૌરાષ્ટ્ર હાઈસ્કુલ બંધ કરાવવા જતા સ્ટાફ સાથે માથાકૂટ થવા પામી હતી. આ સ્કુલ બંધ કરાવ્યા બાદ તેને સ્ટાફ દ્વારા ખોલી નાખવામાં આવતી હતી. આ સંસ્થાને ત્રણ વખત બંધ કરાવવામાં આવી હતી. કોંગ્રેસના યુવા આગેવાન ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે શહેરની મોટા ભાગની તમામ સ્કુલોએ સ્વયંભૂ બંધ રાખી ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પી છે. આ બંધના એલાન દરમ્યાન પોલીસે સહયોગ આપવો જરૂરી હતો. પરંતુ પોલીસનો સહયોગ તેઓને મળ્યો ન હતો. એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરોની ટીમ સ્કુટર રેલી સાથે શહેરભરમાં ફરી વળી હતી. જેમાં શાળા-કોલેજોની સાથે વેપારીઓએ પણ સ્વયંભૂ અડધો દિવસ બંધ રાખેલ હતો.



# TRP ગેમઝોન અગ્નિકાંડના ૨૭ મૃતકોને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિત કોંગ્રેસના કાર્યકરોએ મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પી

## પીડિત પરિજનો કાટમાળ પાસે પહોંચતાની સાથે પોક મૂકી ધ્રૂસકે ને ધ્રૂસકે રડ્યાં, મેવાણીએ કહ્યું– ઈખ સમક્ષ રજૂઆત કરીશું





રાજકોટ, તા. ૨૬ઃ રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડને એક મહિનો પૂર્ણ થયો છે. ત્યારે આજે પીડિત પરિવારો તેમજ કોંગ્રેસ દ્વારા અગ્નિકાંડના ઘટનાસ્થળે આવી મીણબત્તી પ્રગટાવી મૌન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સમયે ઘટના સ્થળે પહોચતાની સાથે જ મૃતકોના પરિવારજનોને પોતાના સ્વજનની યાદ આવી જતા તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા અને તેમના લાડકવાયાની યાદમાં તેઓના આંસુ સરી પડ્યા હતા. તો છેલ્લા ૨૫ દિવસથી રાજકોટમાં રહી પીડિતોને ન્યાય અપાવવા લડત ચલાવનાર વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા હવે આગામી સમયમાં ગાંધીનગર ખાતે સીધા મુખ્યમંત્રી પાસે ગુજરાતની દરેક દુર્ઘટનાના પીડિતોને સાથે રાખી ન્યાયની માગ સાથે રજૂઆત કરવામાં આવશે.

રાજકોટ ઝછઙ ગેમઝોન અગ્નિકાંડમાં આજથી બરાબર એક મહિના પહેલા ૨૫ મે ૨૦૨૪ના રોજ સાંજના ૫.૩૪ વાગ્યે આગ લાગવાની ઘટના બની હતી અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. આજે સવારે રાજકોટ બંધનું એલાન બાદ સાંજના કોંગ્રેસ દ્વારા પીડિત પરિવારોને સાથે રાખી અગ્નિકાંડના ઘટના સ્થળે મીણબત્તી પ્રગટાવી મૌન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ગેમઝોનમાં નોકરી કરતી અને અગ્નિકાંડમાં મૃત્યુ પામેલી આશા કાથડના માતા ગીતાબેન કાથડ ઘટના સ્થળે પહોંચતાની સાથે જ ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, આશાની અમને યાદ ખૂબ જ આવે છે. તેની યાદ ભૂલાતી નથી અને આખી જિંદગી નહીં ભૂલાય. એ મારી દીકરા જેવી દીકરી હતી. અમને કમાઈને ખવડાવતી હતી. દીકરી હતી છતાં એમ કહેતી પપ્પા હું તમારો દીકરો જ છું, તમે ઉપાધિ કરોમાં.. અમને આવી ખબર ન હતી કે, આ ગેમઝોન મારી દીકરીને ખાઈ જશે તો એને અહીંયા આવવા જ ન દેત..

છેલ્લા ૨૫ દિવસથી રાજકોટમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે લડત ચલાવી રહેલા વડગામના કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા લડત ચડાવવામાં આવી રહી છે. તેમણે ૩ દિવસના ધરણાં સાથે ઉપવાસ આંદોલન ચલાવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ વિસ્તારમાં પત્રિકા વિતરણ કરી હતી અને આજે પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે રાજકોટનું બંધનું એલાન આપ્યું હતું અને સાંજે મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી આગામી સમયમાં ગાંધીનગર ખાતે ગુજરાતની તમામ દુર્ઘટના જેવી કે, મોરબીની ઝૂલતા પુલ દુર્ઘટના, તક્ષશિલા કાંડ, હરણી કાંડ, રાજકોટ ગેમઝોન કાંડ સહિત તમામ દુર્ઘટનાના પીડિત પરિવારજનોને સાથે રાખી ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ બોલાવી રજૂઆત કરવામાં આવશે. આ લડત પુરી નથી થઇ રહી જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત ચલાવીને ન્યાય અપાવીને રહીશું.

# મૃતકોના પરિવારનું એસોસિએશન બનાવી કાનૂની લડત લડવાનો નિર્ણય : તૈયારી શરૂ

## હાલ દસેક મૃતકના પરિવારજનો એકત્ર થયા છે, વકીલ રોકી આરોપીઓને કડક સજા કરાવવા દસ્તાવેજો – પુરાવા તૈયાર કરવાની પ્રક્રિયા આરંભી

- **એસો. પોતાના ન્યાય માટે આરોપી ઉપરાંત સરકાર સામે પડતું હોવાનો અહેસાસ થતા કેટલાક પરિવારો એસોસિએશનમાં આવતા ડરતા હોવાની શંકા**





રાજકોટ, તા.૨૫: મૃતકોના પરિવારનું એસોસિએશન બનાવી કાનૂની લડત લડવાનો નિર્ણય કરાયો છે. જેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. હાલ દસેક મૃતકના પરિવારજનો એકત્ર થયા છે, તેઓએ વકીલ રોકી આરોપીઓને કડક સજા કરાવવા કાગળો બનાવવાની પ્રક્રિયા આરંભી છે.

આ અંગે મૃતક જય ઘોરેચાના ભાઈ તુષાર ઘોરેચાએ જણાવ્યું કે, જેમ ઝૂલતા પુલ વાળા બનાવનમાં મૃતકોનું એક આખું એસોસિએશન બન્યું છે. તેવી જ રીતે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામેલ લોકોના પરિવારનું એસોસિએશન બનાવવા નિર્ણય લેવાયો છે. હાલ ૧૦ મૃતકના પરીવારજનો એક થઈ વકીલ રોકી તૈયારીઓ શરૂ કરી છે.

આગામી સમયમાં રાજકોટની કોર્ટથી લઈ હાઈકોર્ટ સુધી લડત આપવામાં આવશે. હાલ ફક્ત ૧૦ મૃતકના પરિવારજનો જ એકત્ર થયા છે. આ એસો. ન્યાય માટે આરોપી ઉપરાંત સરકાર સામે પડતું હોવાનો અહેસાસ થતા કેટલાક પરિવારો એસોસિએશનમાં આવતા ડરતા હોવાની શંકા છે. પણ આગામી સમયમાં તમામ હતભાગીના પરિવારને સમજાવી એસોસિએશનમાં સમાવવા પ્રયાસ કરવામાં આવશે.

ભોગ બનનાર મૃતકોના પરિવારજનો તુષાર ઘોરેચા વગેરે વતી હાલ વકિલ નરેન્દ્રસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ઝાલા, અંજનાબેન ચૌહાણ, ભાલુ મહેન્દ્ર, તલાટિયા ચંદ્રસિંહ, કિશન રાજાણી, કુલદીપસિંહ જાડેજા, હિરેન રૈયાણી, ચંદ્રસિંહ પરમાર, રવિ વાઘેલા, નૃપેન ભાવસાર, હિમાંશુ પારેખ, પરેશ જોબનપુત્રા, દિગવિજયસિંહ જાડેજા, ચાંદનીબેન જાવિયા, પદ્મિનીબેન પરમાર, અજયસિંહ ચુડાસમા, કીર્તિસિંહ ઝાલા, નિધિ ચોંડાગર વગેરે એડવોકેટ ટીમ રોકાઈ છે. વકીલો દ્વારા હાલ જે ૧૦ મૃતકના પરિવારજનો એકત્ર થયા છે તેની પાસેથી મૃતકના તમામ આધાર પુરાવા, કાગળો વગેરે એકઠા કરવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં તમામ મૃતકના પરિવારને આમાં જોડવા પ્રયત્ન કરાશે.

# ગેમઝોનના પીડિતો પ્રત્યે સરકારી તંત્રને સંવેદના પણ ન જાગી?

- **ભાજપ શાસિત મ્યુનિ. કોર્પોરેશન સહિતની સરકારી કચેરીઓ ખુલ્લી રહી!**
- **મહાનગરપાલિકામાં તો, વિશેષ પોલીસ બંદોબસ્ત પણ રખાયો**



રાજકોટ, તા.૨૬: ટીઆરપી ગેમઝોનનાં અગ્નિકાંડની આજરોજ પ્રથમ માસિક તિથી નિમિત્તે કોંગ્રેસ દ્વારા રાજકોટ બંધનું એલાન અપાયું હતું. અને આ એલાનને આજે સંપૂર્ણ સફળતા મળી હતી. આજરોજ અગ્નિકાંડમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે વેપારીઓ અને શહેરીજનોએ ભરપૂર સંવેદના દાખવી સજ્જડ બંધ પાળેલ હતો. રાજકોટની તમામ નાની-મોટી બજારો, વેપારી વર્ગએ આજના બંધમાં સંપૂર્ણ સહકાર આપેલ હતો.

જો કે, આજના બંધની સરકારી કચેરીઓમાં કોઈ અસર જોવા મળી ન હતી. આજે બંધનાં એલાન વચ્ચે ભાજપ શાસિત મ્યુ. કોર્પોરેશન, જિલ્લા પંચાયત તથા બહુમાળી ભવન, કલેક્ટર કચેરી સહિતની તમામ સરકારી કચેરીઓ ખુલ્લી રહી હતી અને સરકારી અધિકારી તથા કર્મચારીઓએ રૂટીન મુજબ કામગીરી પણ કરી હતી.

ત્યારે પ્રશ્નએ ઉપસ્થિત થાય છે કે, રાજકોટવાસીઓએ તો અગ્નિકાંડનાં મૃતકો માટે સંપૂર્ણ સંવેદના દાખવી, પરંતુ પીડિતો પ્રત્યે સરકારી તંત્રને સંવેદના ન થઈ? ઉલ્લેખનીય બાબત એ પણ છે કે આજનાં બંધનાં એલાન દરમ્યાન કોંગ્રેસ સરકારી કચેરીઓ બંધ કરાવવા ન આવે તે માટે આરએમસી સહિતની કચેરીમાં વધારાનો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો.

# અગ્નિકાંડના હતભાગીઃ રાજ્ય સરકારની સહાય રાશિ મળી, કેન્દ્રની મહિના પછી પણ બાકી

- ટીઆરપી ગેમઝોન આગ દુર્ઘટનાના એક મહિના દરમિયાન કોંગ્રેસના નેતાઓ તમામ મૃતકોના પરિવારને સાંત્વના આપવા પહોંચ્યાઃ અમુક પરિવારને બાદ કરતાં ભાજપના નેતાઓ ગયા પણ મૌન સેવી રાખ્યું
- બનાવમાં મૃત્યુને ભેટનાર લોકોના ઘરના સભ્યો માટે ઘટના હજુ એટલી જ તાજી છે : કાનૂની લડાઈ લડવા માટે હતભાગીના પરિવારને એકઠા કરી એક એસો. બનાવવા પ્રયાસ થઈ રહ્યો છે

રાજકોટ, તા.૨૬ઃ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના બનાવને આજે એક મહિનો થયો. બનાવ વખતે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા મૃતકોના પરિવારને સહાયની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા રૂ.૪ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨ લાખની સહાય જાહેર કરવામાં આવી હતી. મૃતકોના પરિવજનોનો સંપર્ક સાંધી માહિતી મેળવતા જાણવા મળેલ કે, લગભગ હતભાગીઓના પરિવારને રાજ્ય સરકારની સહાય રાશિ મળી ગઈ છે. જ્યારે આજે બનાવના એક માસ બાદ પણ કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ સહાય એકલ-દોકલ પરિવારને જ મળી છે.

મૃતકોના પરિવારજનો સાથે વાત કરતાં જાણવા મળેલ કે, ટીઆરપી ગેમઝોન આગ દુર્ઘટનાના એક મહિના દરમિયાન કોંગ્રેસના નેતાઓ તમામ મૃતકોના પરિવારને સાંત્વના આપવા પહોંચ્યા હતા. પ્રદેશ કોંગ્રેસના નેતાઓના રાજકોટમાં એક મહિનાથી ધામાં છે. અમુક પરિવારને બાદ કરતાં ભાજપના નેતાઓ ગયા પણ મૃતકોના પરિવારને સાંત્વના આપવા તેઓના ઘર સુધી પહોંચ્યા હતા પણ ત્યાં મૌન સેવી રાખ્યું હતું તેમ મૃતકોના પરિવારજનોએ જણાવ્યું છે.

અગાઉ જ્યારે બનાવ બન્યો તે બાદ જે જે કામગીરી ચાલતી હતી તે અંગે સરકારી તંત્ર સતત અપડેટ સાથેની માહિતી જાહેર કરતું હતું. પોલીસ, સિવિલ હોસ્પિટલ તંત્ર અને એફ.એસ.એલ. ટીમ દ્વારા મૃતદેહોના ડીએનએ લઈ, પરિવારજનોના ડીએનએ સાથે મેચ કરવા માટેની કામગીરી દિવસ - રાત સતત કરવામાં આવી હતી. ૨૭ મૃતકની ઓળખ થયા પછી તમામ ૨૭ મૃતદેહોના સેમ્પલ લેવાયેલ.

ત્યારથી દરેક હતભાગી દીઠ એક નાયબ મામલતદાર અને એક પી.એસ.આઈ.ની નિમણૂંક કરવામાં આવેલ અને તેમના પરિવારનો સંપર્ક કરી, જયારે મૃતદેહ સોંપવામાં આવે ત્યારથી અંતિમ વિધિ સુધી તમામ બાબતમાં મદદરૂપ થવા અને ત્યાર બાદ મૃતકને આપવાની થતી સી.એમ. રીલીફ ફંડ અને પી.એમ. રીલીફ ફંડની સહાયની પ્રક્રિયા પુર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવેલ હતી. જોકે કયાં કારણોસર મૃતકોના પરિવારને પી.એમ. રીલીફ ફંડની સહાય મળી નથી? તેનું ચોક્કસ કારણ સામે આવેલ નથી.

સહાય અંગે માહિતી મેળવવા પ્રયાસ કર્યો હતો. જેમાંથી એકલ-દોકલ પરિવારને જ કેન્દ્ર સરકાર એટલે કે પી.એમ. રીલીફ ફંડની સહાય મળી છે. મોટા ભાગના મૃતકોના પરિવારને હજુ આ સહાય મળી નથી. પરિવારજનો સાથે વાત કરતા બનાવના એક મહિના બાદ પણ હજુ આ ઘટના તેઓ માટે એટલી જ તાજી છે.

### મોરારી બાપુએ જાહેર કરેલી સહાય પણ હજુ અમુક લોકો સુધી નથી પહોંચી

પ્રખર રામકથાકાર પૂ.મોરારીબાપુ દ્વારા અગ્નિકાંડના મૃતકોના પરિવારને સાંત્વના પાઠવવા રૂપે રૂ. ૧૫ હજારની સહાય આપવાની જાહેરાત કરી હતી ઘણા પરિવારોને આ સહાય મળી ગઈ છે. જયારે અમુક લોકોને આ સહાય મળી નથી.



# જેલમાં બંધ ટીઆરપી ગેમઝોનના માલિક જાડેજાબંધુએ કોર્ટમાં જામીન અરજી કરી


**■ આગામી સુનાવણી અંગે કોર્ટ તારીખ આપશે, સરકાર પક્ષે સ્પે.પીપી અને પક્ષકારો તરફે રોકાયેલા વકીલોએ વાંધા-જવાબ રજૂ કરવા તૈયારી શરૂ કરી**

રાજકોટ, તા.૨૬: ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના ગુનામાં જેલમાં બંધ ટીઆરપી ગેમઝોનના માલિક જાડેજા બંધુએ કોર્ટમાં જામીન અરજી કરી છે. આગામી સુનાવણી અંગે કોર્ટ તારીખ આપશે. સરકાર પક્ષે સ્પે.પીપી અને પક્ષકારો તરફે રોકાયેલા વકીલોએ વાંધા-જવાબ રજૂ કરવા તૈયારી શરૂ કરી છે.

અગ્નિકાંડના બનાવમાં પોલીસે અત્યાર સુધીમાં ગેમઝોનના સંચાલકો (૧) ધવલભાઇ ભરતભાઇ ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩)



કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ, અને મનપાના ટીપીઓ (૭) મનસુખભાઇ ધનજીભાઇ સાગઠીયા, એટીપીઓ (૮) ગૌતમ દેવશંકરભાઇ જોષી, એટીપીઓ (૯) મુકેશભાઇ રામજીભાઇ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ઓફિસર (૧૦) રોહીતભાઇ આસમલભાઇ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ (૧૧)



જયદીપ બાલુભાઇ ચૌધરી, (૧૨) રાજેશભાઇ નરશીભાઇ મકવાણા, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર (૧૩) ભીખાભાઇ જીવાભાઇ ઠેબા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશકુમાર વાલાભાઇ ખેર, અને ગેમઝોનમાં ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ ધરાવતા (૧૫) મહેશભાઇ અમૃતભાઇ રાઠોડની ધરપકડ કરી હતી. રિમાન્ડ બાદ એક પછી એક આરોપીને જેલ હવાલે કરાયા હતા. છેલ્લે ટીપીઓ સાગઠિયા ખોટી મિનિટ્સ નોટના ગુનામાં રિમાન્ડ પર હતા તેના રિમાન્ડ પૂર. થતા તેને પણ જેલ હવાલે કરવામાં આવેલ. હાલ તમામ આરોપીઓ જેલમાં છે.

ત્યારે જેલમાંથી અશોકસિંહ જગદીશસિંહ જાડેજા અને કિરીટસિંહ જગદીશસિંહ જાડેજાએ રેગ્યુલર જામીન માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી છે. આ જામીન અરજી મુકાતા સરકાર તરફે સ્પે. પીપી તુષાર ગોકાણી, આસી.સ્પે. પીપી નિતેશ કથીરિયા, મૃતકના વારસદાર તરીકે પક્ષકાર પ્રવિણસિંહ ચૌહાણ વતી સુરેશ ફળદુ અને બાર એસો.ના અન્ય હોદ્દેદારો, તેમજ ભોગ બનનાર પરિવારના તુષાર ઘોરેચા વગેરે વતી એડવોકેટ નરેન્દ્રસિંહ જાડેજા વાંધા જવાબ રજૂ કરવા માટે તજવીજમાં લાગ્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે, અશોકસિંહે પોતાને આંખે દેખાતું ન હોય અને કાને સંભળાતું ન હોય, અગાઉ આગોતરા જામીન અરજી કરી હતી જોકે તે પરત ખેંચી લીધી હતી.

# ગુજરાત શિક્ષણ બોર્ડની કારોબારી, પરીક્ષા, શૈક્ષણિક અભ્યાસ અને નાણાં સમિતિની રચના

**ગાંધીનગર ખાતે બોર્ડની સામાન્ય સભા મળી**

રાજકોટ, તા. ૨૬: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્યસભા આજે ગાંધીનગરના ઓડીટોરીયમમાં મળી હતી જેમાં શિક્ષણ બોર્ડની કારોબારી, પરીક્ષા, શૈક્ષણિક, અભ્યાસ અને નાણાં સમિતિની રચના કરવામાં આવી હતી.

જેમાં શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિમાં કમિશ્નર ઓફ સ્કૂલ, રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ, મુકેશભાઇ પટેલ, હસમુખભાઇ પટેલ, જસવંતકુમાર રાવલ, મનુભાઇ પાવરા અને પરસોતમભાઇ સોનારાની વરણી કરવામાં આવી છે.

જ્યારે પરીક્ષા સમિતિમાં પ્રાથમિક શિક્ષણ નિયામક, રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક અને સંશોધન અને તાલીમ પરિષદના નિયામક મુકેશકુમાર પટેલ, વિજયભાઇ ખટાણા અને ભાવિનકુમાર ભટ્ટનો સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત શૈક્ષણિક સમિતિમાં ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયામક રાજ્ય પાઠય પુસ્તક મંડળના નિયામક તેમજ મુકેશભાઇ પટેલ, હસમુખભાઇ પટેલ, જસવંતકુમાર રાવલ, ભાવિનકુમાર ભટ્ટની વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત અભ્યાસ સમિતિમાં ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોદન અને તાલીમ પરિષદના નિયામક, હસમુખભાઇ પટેલ અને વિજયભાઇ ખટાણા તેમજ નાણાં સમિતિમાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (શિક્ષા અભિયાન), રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના નિયામક તેમજ જયપ્રકાશ પટેલ, મુકેશકુમાર પટેલ, ડો. રાજેશભાઇ વ્યાસ અને શિક્ષણ વિભાગના નાયબ સચિવની વરણી કરવામાં આવી છે.

## કોંગ્રેસના બંધના એલાન માટે ૭૦૦ કાર્યકરોએ રાજકોટ બંધના એલાનનો મોર્ચો સંભાળ્યો

રાજકોટ, તા.૨૬: ગત તા.૨૫ મેના રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં લાગેલી વિકરાળ આગમાં ૨૭ જીંદગીઓ હોમાય હતી જેમાં રાજકોટ મહાનગરપાલિકા આર. એન્ડ. બી. રાજકોટ શહેર પોલીસ તંત્રની ગુનાહિત બેદરકારી સામે આવતીકાલ સીટનું ગઠન કરવા આવ્યું છે. કોંગ્રેસે આ સીટને નકારી કાઢી છે તેઓએ ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે. આ ઘટના પાછળ ભાજપ અગ્રણીઓનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે.

આજે આ ઘટનાને એક માસ પુરો થયો છે. ત્યારે પીડિતોના ન્યાય માટે કોંગ્રેસએ અભિયાન હાથ ધર્યું છે. જેને પગલે કોંગ્રેસે ઉપવાસ આંદોલન કર્યું હતું. આ ઉપવાસ આંદોલન ત્રણ દિવસ કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ દરમ્યાન લોકોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં પીડિત પરિવારો પણ જોડાયા હતા અને આજે પીડિત પરિવારોના ન્યાય માટે અને પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ બંધનું એલાન કરવામાં આવ્યું હતું.

આ બંધના એલાનને પગલે રાજકોટની તમામ બજારો સજ્જડ બંધ રહી હતી. લોકો પણ સ્વયંભૂ બંધ એલાનમાં જોડાયા હતા અને અડધો દિવસ બજારો બંધ રાખી મૃતકોને સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. કોંગ્રેસના ૭૦૦ કાર્યકરોએ અંતર્ગત કામગીરી કરી હતી.

# ૨૬ થી ૨૮ જુન દરમ્યાન યોજાનારો રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

## રાજકોટ જિલ્લામાં ૧૬,૫૫૦ જેટલા બાળકો પ્રવેશ મેળવશે



રાજકોટ, તા. ૨૬ઃ ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર એ માનવ જીવનના મહત્વના સંસ્કાર છે. જેમાંનો એક મહત્વનો સંસ્કાર એટલે બાળકનું શિક્ષણ મેળવવું. પ્રાચીન ગુરૂકુળ પદ્ધતિ અનુસાર બાળક વિદ્યા કે શિક્ષણ મેળવવા માટે ઘર છોડીને ગુરૂના નિવાસ સ્થાને અથવા ગુરુકુળ સંકુલમાં રહીને અભ્યાસ કરવા જતો. આ પદ્ધતિને અનુસરીને ઘર છોડ્યા વિના જ ઘરની નજીકની શાળામાં બાળકને એડમિશન મળી રહે અને ડ્રોપ આઉટ રેશિયો નહિંવત રહે, તેવા શુભાશય સાથે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાળકો માટે શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો હતો.

સમગ્ર રાજ્યમાં પાયાનું શિક્ષણ વધુ સુદ્રઢ બને, શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવી શિક્ષિત ભાવિ પેઢીનું નિર્માણ કરી શકાય તેવા શુભ આશય સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળના વર્ષ-૨૦૦૩થી શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના યજ્ઞની ફલશ્રુતિ સ્વરૂપે આંગણવાડી, બાલવાટિકા અને પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ની ઉજવણી તા. ૨૬, ૨૭, અને ૨૮ જુનના રોજ થવાની છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાળકનો વિદ્યારંભ એ તેના જીવનનો યાદગાર ઉત્સવ બને તે વિચાર સાથે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આજે પ્રવેશોત્સવ બાળકના ભવિષ્યના સર્વાંગી વિકાસમા શાળાના અમૂલ્ય પ્રદાનના ઝાંખી બન્યું છે. ૨૦ વર્ષે કન્યા કેળવણીના યજ્ઞનું ગુજરાતને ઉત્કૃષ્ટ પરિણામ મળ્યુ છે. આજે રાજય કક્ષાએ સરેરાશ ૯૯% અને રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૦૦% કન્યાઓનું નામાંકન થાય છે. આજે ગુજરાતમાં તમામ ક્ષેત્રમાં દીકરીઓ નામના મેળવી રહી છે તે કન્યા કેળવણી મહોત્સવનું જ પરિણામ છે, તેમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

રાજકોટ જિલ્લા પંચાયત સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓ સાથે માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૮૫૦ પ્રાથમિક શાળાઓ છે. જેતપુર અને ઉપલેટા નગર શિક્ષણ સમિતિ સંચાલીત ૨૧ પ્રાથમિક શાળાઓ છે. જેમાં ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ પોતાના જ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ મેળવીને તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીનો પાયો મજબુત બનાવી રહ્યા છે.

પ્રવેશોત્સવના કારણે શાળાપ્રવેશ માટે બાળકોની સાથે વાલીઓ તેમજ નાગરિકોનો પણ ઉત્સાહ વધ્યો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં બાલવાટીકામાં કૂલ ૧૨૯૫૯ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૬૬૬૮ જેટલા બાળકો અને ૬૨૯૧ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં રાજકોટ જિલ્લામાં ધોરણ-૧ માટે કૂલ ૩૫૯૧ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૧૮૨૧ જેટલા બાળકો અને ૧૭૭૦ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ધોરણ-૧માં સૌથી વધારે ૨૩૫૯ એડમિશન રાજકોટ તાલુકામાં થનાર છે. જેમાં બાળકોની સંખ્યા માત્ર ૧૧૬૧ જેટલી છે જયારે બાળકીઓની સંખ્યા ૧૧૯૮ જેટલી છે. બાળકો કરતા બાળકીઓને સંખ્યા ૩૭ જેટલી વધારે છે, જે કન્યા કેળવણીનું જ્વલંત ઉદાહરણ છે.

# ખીરસરા સ્વામિનારાયણ ગુરુકુળ દુષ્કર્મ કેસમાં એકની ધરપકડઃ બન્ને લંપટ સાધુ ફરાર

- **ખીરસરા ગામે આવેલા સ્વામિનારાયણ ગુરુકુળના બે સ્વામી ધરમસ્વરૂપદાસ સ્વામી અને નારાયણસ્રુરૂપદાસ સ્વામી અને સેવક મયુર કાસોદરિયા સામે યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી**



રાજકોટ, તા. ૨૬ઃ વડતાલ ગાદી હેઠળ સંચાલિત ખીરસરા સ્વામિનારાયણ ગુરુકુળ ના ધરમસ્વરૂપદાસ સ્વામી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં નારાયણસુરૂપદાસ સ્વામી તથા હોસ્ટેલના સંચાલક મયુર કાસોદરિયાએ મદદગારી કર્યાનો આરોપ મૂકાયો છે. ફરિયાદ નોંધાયા બાદ ત્રણેય આરોપીઓ હાલ ફરાર થયા હતા, જેમાં મહારાષ્ટ્રથી મયુર કાસોદરીયાની ધરપકડ કરવામાં આવી છે. જો કે, બન્ને લંપટ સાધુ હજુ ફરાર છે.

ખીરસરા સ્વામિનારાયણ ગુરુકુળ ના ધરમસ્વરૂપદાસ સ્વામી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા તે ફરાર થઈ ગયા છે. બનાવના પગલે ગુરુકુળ માં રજા જાહેર કરી દેવાઈ છે. તો બીજી તરફ વાલીઓ ગુરુકુળ માંથી એડમીશન રદ કરાવવા દોડધામ કરતા થયા છે. ગુરુકુળ ની હોસ્ટેલ પણ ખાલી થવા લાગી છે.

## આર.ટી.ઓ. ખાતે તા. ૨૬ થી ૨૯ જૂન દરમ્યાન ફોર વ્હીલર વાહન માટેનો ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેશે

રાજકોટ તા. ૨૫ જૂન - આર.ટી.ઓ.રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર વાહનો માટેનો ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ટેકનિકલ કારણોસર તા.૨૬ /૦૬/૨૦૨૪ થી તા.૨૯/૦૬/૨૦૨૪ દરમ્યાન બંધ રહેશે, જયારે ટુ વ્હીલર વાહનો માટેનો ટેસ્ટ ટ્રેક રાબેતા મુજબ ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન જે અરજદારોએ ફોર વ્હીલર વાહન માટે ટેસ્ટ ટ્રેકની અપોઈન્ટમેન્ટ લીધેલ છે તેમની એપોઈન્ટમેન્ટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા રીસીડ્યુલ કરી આપવામાં આવેલ છે, જેની રાજકોટ જિલ્લાની મોટરિંગ પબ્લિકને નોંધ લેવા તેમજ સહકાર આપવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ઉપલેટામાં ૬ કૂવા અને બોરમાંથી પાણી પીધા બાદ કોલેરાથી ૪ બાળકનાં મોત થયા'તા તે સીલ કરવા કલેક્ટરનો આદેશ

રાજકોટ, તા. ૨૬: ઉપલેટા તાલુકાના ગણોદ-તણસવા રોડ પર આવેલી ખાનગી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા મજૂર પરિવારોના ચાર-ચાર માસૂમ બાળકોના કોલેરાના કારણે મૃત્યુ નીપજ્યાની ઘટના બન્યા બાદ જિલ્લા આરોગ્યતંત્ર સફાળું જાગ્યું હતું અને તપાસમાં ૬ ફેક્ટરીના પાણીના સેમ્પલમાં બેક્ટેરિયા અને બીમારી ફેલાઈ તેવા તત્ત્વો વધુ હોવાનું હોવાનો રિપોર્ટ આવતા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આ ૬ ફેક્ટરીના બોર અને કૂવાઓ સીલ કરી દેવાનો આદેશ કરાયો છે.

કલેક્ટરે જણાવ્યું હતું કે, શનિવારે ચાર બાળકોના કોલેરાથી મૃત્યની ઘટના અંગે જાણ થયા બાદ પાણી પુરવઠા બોર્ડ અને જીપીસીબી પાસે અલગ અલગ ફેક્ટરીઓમાંથી પાણીના સેમ્પલ લેવડાવવામાં આવ્યા હતા. બેક્ટેરિયાનું અને બીમારી ફેલાઈ તેવા તત્ત્વોનું પ્રમાણ વધુ હોવાનો રિપોર્ટ આવ્યા તેના કારણે જ કોલેરા ફેલાયાનું અને ચાર માસૂમ બાળકોનું મૃત્યુ થયાનું સ્પષ્ટ બન્યું છે. આથી ઉપલેટા મામલતદારને તાત્કાલિક અસરથી આ છ ફેક્ટરીઓના બોર અને કૂવા સીલ કરવાના આદેશ કર્યા છે તેમજ આ છ ફેક્ટરીના માલિકો સામે ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એક્ટ હેઠળ કોર્ટમાં ફરિયાદ કરવામાં આવશે. આ પ્રકરણમાં એક પણ જવાબદાર ને છોડાશે નહીં.

ઉપલેટાની ઘટનામાં લેબોરેટરીનો રિપોર્ટ આવી જતા કોલેરા કેવી રીતે ફેલાયો તેનો ઘટસ્ફોટ થયો

રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પપ્પુસિંઘે જણાવ્યું હતું કે, અમારી પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ કારખાનેદારોની જવાબદારી છે કે તેઓએ અમને ઘટના અંગે જાણ કરી ન હતી. આથી આ કારખાનેદારોને નોટિસ આપી 'તમારા કામદારોના અનઅપેક્ષિત મૃત્યુ થયા તો શા માટે જાણ ન કરી' તેનો ખુલાસો પૂછાશે. આ ઉપરાંત આરોગ્ય વિભાગના કર્મચારીઓની બેદરકારી સંદર્ભે પણ વર્ગ-૧ના ક્લાસ અધિકારી હેઠળ ૩ અધિકારીની ટીમ દ્વારા તપાસ હાથ ધરાશે અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ક્યાં કચાશ રહી ગઈ? શા માટે આવડી મોટી ઘટનાની જાણ આટલી બધી મોડી થઈ? તેની તપાસ કરી કાર્યવાહી કરાશે.

# શ્રીનાથધામ હવેલીનાં સંસ્થાપક, પૂ. વ્રજરાજકુમારજીની તા.૬ જુલાઈ સુધી રાજકોટમાં: વિવિધ મનોરથ કાર્યક્રમો

**તા.૨૪ થી તા.૬ જુલાઈ દરમ્યાન પૂ.વ્રજરાજકુમારજીનાં સાંનિધ્યમાં સવારે ૭ થી ૭.૩૦ તથા રાત્રે ૯.૩૦ થી ૧૦ હરિનામ સંકીર્તન–શ્રીકૃષ્ણધ્યાન પૂજયશ્રીના આશીર્વાદ સવારે ૧૧ થી ૧૨ તથા સાંજે ૭ થી ૮ દરમ્યાન મેળવી શકાશે**



રાજકોટ, તા.૨૬: રાજકોટમાં વીવાયઓ શ્રીનાથધામ હવેલી, નાનામવા રોડ ખાતે તા.૨૪ જૂનથી ૬ જુલાઈ દરમ્યાન વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં શ્રીનાથધામ હવેલી ખાતે ૩ જુલાઈ (બુધવાર)ના સવારે ૯.૩૦ કલાકે પૂજયશ્રી દ્વારા ઠાકોરજી પુષ્ટીકરણ કરવામાં આવશે.

૨૪ જૂનથી ૬ જુલાઈ દરમ્યાન રાજકોટ ખાતે દરરોજ પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના સ્વમુખેથી સવારે ૭ થી ૭.૩૦ અને રાત્રે ૯.૩૦ થી ૧૦ કલાક હરિનામ સંકીર્તન અને શ્રી કૃષ્ણધ્યાન કરાવવામાં આવશે.તેમજ પૂજયશ્રી દ્વારા દરરોજ મંગળા દર્શનમાં શ્રી ગીરીરાજજી પ્રભુને દુગ્ધાભિષેક કરવામાં આવશે.

આ દિવસો અંતર્ગત પૂજયશ્રીને મળવા એવમ આશીર્વાદ મેળવવાનો સમય રાજભોગ દર્શન આરતી પછી સવારે ૧૧ થી ૧૨ અને શયન દર્શન આરતી પછી સાંજે ૭ થી ૮ કલાક, સત્સંગ અને પધરામણીનો અનેરો લાભ શહેરીજનોને પ્રાપ્ત થશે. ૨૧ જુલાઈ (રવિવાર)ના રોજ સવારે ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે પૂજયશ્રી દ્વારા શ્રી ઠાકોરજી સમક્ષ બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે.વધુ વિગત માટે ૭૨૨૬૯૯૭૬૬૪ નંબર પર સપંર્ક કરવો.

# ૨૬ જૂન આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરૂદ્ધના દિન નિમિત્તે રાજકોટમાં સેમીનારનું આયોજન

રાજકોટ, તા. ૨૬: યુવાનોને આપણે ધન સમાન માનીએ છીએ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આપણા યુવાનો વિવિધ પ્રકારના નશાના આદી બની રહ્યા છે. તંબાકુના વ્યસનથી આગળ વધી હવે ગુજરાતના યુવાનો દારૂ અને ચરસ, કોકેઈન જેવા ડ્રગ્સના વ્યસની બની રહ્યા છે. તા. ૨૬ જુનને આંતરરાષ્ટ્રીય સ્તરે માદક પદાર્થના દુરૂપયોગથી મુક્ત ટકાઉ વિશ્વના લક્ષ્ય સાથે ઉજવવામાં આવે છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાં આ અંગે વિદ્યાર્થીઓને સમજુત કરવા સેમિનાર યોજાશે. પરંતુ ભારતના યુવાધનને આ દૂષણથી બચાવવા નશા મુક્ત ભારત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે શું છે આ અભિયાન તેના ઉદ્ધેશ્ય અને તેની કામગીરીને જાણીએ.

સમગ્ર વિશ્વ માદક દ્રવ્યોના વ્યસનનો સામનો કરી રહ્યું છે. વ્યસની વ્યક્તિ, કુટુંબ અને સમાજના મોટા વર્ગ પર વિનાશક અસર કરે છે. આથી તા.૨૬ જુન ૨૦૨૧ના રોજ તત્કાલીન સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી થાવરચંદ ગેહલોતે ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસના અવસરે નશા મુક્ત ભારત અભિયાન (ગખઈઅ) માટેની વેબસાઇટનો શુભારંભ કરી આ અભિયાનને શરૂ કર્યું હતું.

દેશમાં ડ્રગ્સના ઉપયોગની દ્રષ્ટિએ સૌથી વધુ સંવેદનશીલ જણાતા ભારતના ૩૨ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૭૨ જિલ્લાઓને નશા મુક્ત ભારત અભિયાન (ગખઈઅ)હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત કોમ્પ્રિહેન્સિવ નેશનલ સર્વેના તારણો અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (ગઈઈ) દ્વારા આપવામાં આવેલા જાણકારીના આધારે આ સંવેદનશીલ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી હતી. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય વ્યાપક સર્વેક્ષણ મુજબ, દેશમાં ૬૦ મિલિયનથી વધુ ડ્રગનો ઉપયોગ કરે છે જેમાંથી મોટી સંખ્યામાં ૧૦-૧૭ વર્ષની વય જૂથના તરૂણ- સગીરો જોવા મળ્યા છે.

આ અભિયાન હેઠળ ગુજરાતના ૧૩ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે જેમાં રાજકોટ સમાવિષ્ટ છે. ગુજરાતમા છેલ્લા ૪ વર્ષમાં રૂ ૯,૬૭૯ કરોડનુ ડ્રગ્સ ઝડપાયું છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાંથી છેલ્લા ૩ વર્ષોમાં ખૂબ મોટી માત્રામાં ડ્રગ પકડાયું છે ત્યારે જો યુવાધન પોતે જ ડ્રગથી દૂર રહેશે તો જ નશાથી દૂર રહી શકશે. આ અભિયાન દ્વારા લોકોને નશાથી દૂર રહેવા, નશા મુકિત માટે સહકાર આપવામાં આવી રહ્યો છે. નશાથી બરબાદ થતાં જીવનને બચાવવા આપણે પણ માહિતી સભર બની મદદરૂપ બનીએ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# સૌરાષ્ટ્રમાં ચોમાસુ જામ્યું : ખંભાળિયામાં ૪ ઈંચ, લાલપુર ૩ ઈંચ ધોધમાર વરસાદ

સૌરાષ્ટ્રમાં ચોમાસુ જામ્યું : ખંભાળિયામાં ૪ ઈંચ, લાલપુર ૩ ઈંચ ધોધમાર વરસાદ

### ■ રાજ્યના ૧૦૪થી વધુ તાલુકાઓમાં ઝાપટાંથી ૩ ઈંચ વરસાદ : ધોરાજીના વાડોદરમાં પૂરમાં તણાતા યુવાનનું મોત : પાટણવાવમાં દોઢ ઈંચઃ રાજકોટ એક ઈંચ

રાજકોટ, તા. ૨૬ઃ સૌરાષ્ટ્રમાં શનિવારે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યના પ્રવેશની સાથે ચોમાસાએ જમાવટ કરી છે. ગઈકાલે વ્યાપક વરસાદ વરસ્યા બાદ આજે પણ મૌસમ વિભાગ અનુસાર સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસુ એક્ટીવ રહ્યું છે અને હળવાથી ધોધમાર વરસાદ વરસ્યો છે. રાજ્યના ૧૦૪ તાલુકામાં રાત્રિના ૮ સુધીમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે લાલપુર પંથકમાં ચોવીસ કલાકમાં સાડાત્રણ ઈંચ અને અગાઉ જ્યાં દસ ઈંચ વરસાદ ખાબક્યો હતો તે દેવભુમિ દ્વારકાના ખંભાળિયામાં ગત રાત્રિથી આજ સુધીમાં ધોધમાર ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ધોરાજીના પાટણવાવમાં પણ આજે ત્રણ ઈંચ વરસાદથી લોકોમાં આનંદની લહેર પ્રસરી હતી. ઉપરાંત રાજકોટ શહેર જિલ્લા અને અમરેલી જિલ્લામાં પણ વરસાદનુ જોર જારી રહ્યું હતું.

સૌરાષ્ટ્રમાં વરસાદી માહૌલમાં ખેતીવાડીના ૪૦૧ ફીડરમાં ફોલ્ટ સર્જાયો હતો જ્યારે રાજકોટ ગ્રામ્યના ૨૫, જામનગરના ૨૪, અમરેલીના ૩૧, સુરેન્દ્રનગરના ૨૦, ભાવનગરના ૧૧, જુનાગઢના ૮ સહિત ૧૨૪ વિજથાંભલાને નુકશાન પહોંચ્યું હતું અને વિજ પૂરવઠો ખોરવાઈ ગયાની ઠેરઠેરથી ફરિયાદો ઉઠી હતી. તો બીજી તરફ જ્યાં પુરતો વરસાદ વરસી ગયો છે તેવા ખંભાળિયા,જુનાગઢ, અમરેલી, રાજકોટના કેટલાક વિસ્તારોમાં વાવણીકાર્યનો ધમધમાટ શરૂ થયો છે.

ખંભાળિયાથી અહેવાલ મુજબ વિજળીના ગડગડાટ સાથે ગત રાત્રિના એક કલાકમાં બે ઈંચ વરસાદ સાથે સવાર સુધીમાં ૩ ઈંચ અને આજે સવારે વધુ એક ઈંચ સહિત ૯૫ મિ.મિ. એટલે કે ચાર ઈંચ વરસાદ વરસી ગયો છે. જ્યારે કલ્યાણપુર અને ભાણવડમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ઉલ્લેખનીય છે કે ખંબાળિયામાં ગત સપ્તાહમાં આઠથી દસ ઈંચ વરસાદ ખાબક્યો હતો અને આજે સાંજ સુધીમાં આ તાલુકામાં મૌસમનો વરસાદ ૧૩.૫૦ ઈંચ વરસાદ થયો છે. ધરમપુર, હર્ષદપુર, કેશોદ,સિંહણ, હરીપર, શક્તિનગર, ભાડથર, શેરડી, વિસોત્રી, કુવાડીયા, હંસથળ, વિરમદળ, રામનગર વગેરે ગામોમાં ૨થી ૪ ઈંચ વરસાદના અહેવાલ છે જેના પગલે ખંભાળિયા, ભાણવડના પચાસ ટકાથી વધુ વિસ્તારોમાં વાવણી થઈ ગઈ છે, અન્યત્ર શરૂ થઈ રહી છે.

રાજકોટ શહેરમાં ગઈકાલે એક ઈંચ બાદ આજે સવારે પણ આશરે પોણો ઈંચ વરસાદ વરસી ગયો હતો.

ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે સખત ઉકળાટ બાદ આજે સવારે મૌસમનો પ્રથમ વરસાદ, એક કલાકમાં ધોધમાર દોઢ ઈંચથી લોકોમાં આનંદ વ્યાપ્યો હતો. ધોરાજીના વાડોદર ગામે ખેતમજુરી કરતા ભરતભાઈ પરબતભાઈ (ઉ.૪૦) ભૂરે વરસાદમાં પોતાના ખેતરમાં કેવો વરસાદ છે તે જોવા એક્ટીવા લઈને વાડીએ જતા હતા ત્યારે વોકળામાં તણાઈ જતા તેનું મૃત્યુ નીપજ્યું છે. પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ જિલ્લામાં આ ઉપરાંત ઉપલેટા અને આજુબાજુના ગામોમાં અર્ધાથ એક ઈંચ વરસાદ વરસી જતા લોકોને ગરમીમાં રાહત મળી હતી. લોકો વરસાદમાં ભીંજાવા રોડ પર નીકળ્યા હતા અને વરસાદ વખતે વિજપૂરવઠો બંધ કરી દેવાયો હતો.લોધિકા તાલુકામાં આશરે અર્ધો ઈંચ વરસાદ વરસ્યો હતો.ઉપરાંત ગોંડલ અને કોટડાસાંગાણી સહિત વિસ્તારોમાં પણ ઝાપટાં વરસ્યા હતા.

જામનગરમાં ગઈકાલે સાંજે ગાજવીજ સાથે અર્ધો ઈંચ બાદ આજે પણ પોણો ઈંચ વરસાદ વરસી ગયો હતો. જામનગરના ગોકુલનગરમાં પ્રથમવરસાદે જ અનેક શેરીઓમાં દોઢ ફૂટ જેટલા પાણી ભરાયા હતા. જિલ્લામાં જામનગર જિલ્લાના લાલપુરમાં સત્તાવાર રીતે આજે રાજ્યનો સૌથી વધુ વરસાદ અઢી ઈંચ (૬૫ મિ.મિ.) નોંધાયો છે. લાલપુરમાં ગઈકાલે એક ઈંચ બાદ આજે અઢી ઈંચ સહિત સાડાત્રણ ઈંચ વરસાદથી જળબંબાકાર સર્જાયો હતો અને લાલપુરનું બસ સ્ટેશન તળાવમાં ફેરવાઈ ગયું હતું. નદીનાળામાં ધસમસતા પાણી વહેતા થયા હતા. ગઈકાલે કાલાવડમાં બે ઈંચ, પરંતુ, કાલાવડ તાલુકાના મોટાવડાળામાં ૩ ઈંચ, જામજોધપુરમાં એક ઈંચ, ઉપરાંત આજે સવારે વધુ ૯ મિ.મિ.વરસાદ વરસ્યો હતો. જોડીયામાં ગત સાંજથી આજ સાંજ સુધીમાં અર્ધો ઈંચ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શેઠવડાળા, જામવાડી,નવાગામમાં અને મોટા પાંચદેવડામાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો.

અમરેલી જિલ્લામાં પણ વરસાદી માહૌલ જારી રહ્યો હતો. બાબરા પાસે ભાવનગર-રાજકોટ સ્ટેટ હાઈવે પર કાળુભાર નદીના બ્રિજ ઉપર રસ્તો નીચે બેસી જતા (ભૂવો પડતા) વાહનચાલકોમાં ભયની લાગણી પ્રસરી હતી. જાફરાબાદ શહેર અને ગ્રામ્ય વિસ્તાર, રાજુલા, લાઠી, સહિત તાલુકાના ગ્રામ્ય પંથકમાં હળવા ભારે ઝાપટાં વરસ્યા હતા.

હળવદના સુસવાવ ગામ પાસે શક્તિસાગર (બ્રાહ્મણી-૨) ડેમમાં ઉપરવાસના વરસાદથી આવક વધતા ડેમ ૭૦ ટકા ભરાઈ ગયો હોય નીચાણવાળા ગામોને સતર્ક રહેવા સૂચના અપાઈ છે. સૌરાષ્ટ્રના અન્ય ડેમોમાં પાણીની આવક શરૂ થઈ છે. રાજકોટ સહિત અનેક સ્થળોએ ચેકડેમો છલકાયા છે.

સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના (૧) સુરતના ઓલપાડમાં ૨ ઈંચ અને ઉમરપાડામાં ૧ ઈંચ (૨) તાપીના વાલોડમાં બે ઈંચ, વ્યારામાં દોઢ ઈંચ (૪) કચ્છના નખત્રાણામાં દોઢ ઈંચ (૪) ડાંગના વઘઈમાં દોઢ ઈંચ અને આહવામાં એક ઈંચ (૫) વડોદરાના કરજણ, ડભોઈ, વાઘોડિયા, સિનોર તાલુકાઓમાં એકથી દોઢ ઈંચ (૬) ભાવનગર પંથકના ઉમરાળા,ગઢડામાં એક ઈંચ સુધી વરસાદ આજે સવારે ૬થી રાત્રિના ૮ સુધીમાં નોંધાયો છે. રાજ્યમાં આવતીકાલે પણ વ્યાપક હળવાથી ભારે વરસાદની આગાહી કરાઈ છે.

# ગુજરાતમાં ત્રણ દિવસ માટે વરસાદનું યલો એલર્ટઃ

# ત્રણ દિવસ ગાજવિજ સાથે અતિભારે વરસાદ પડશે

■ **ગીરસોમનાથ, ભાવનગર, દ્વારકા, અને નર્મદા જિલ્લામાં NDRFની ટીમો તૈનાત**



અમદાવાદ, તા.૨૫ઃ ગુજરાતમાં મેઘો મહેરબાન થયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં આજથી પાંચ દિવસ ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત ત્રણ દિવસ માટે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજયમાં સાર્વત્રિક વરસાદ મામલે અગમચેતીના ભાગરૂપે ગીર સોમનાથ, ભાવનગરમાં દ્વારકા અને નર્મદામાં NDRFની ટીમ તહેનાત કરવામાં આવી છે. સોમવારે મોડી રાત્રે અમદાવાદમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તો દક્ષિણ ગુજરાત બાદ હવે મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વહેલી સવારથી જ વરસી રહ્યો છે. સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં કુલ ૫૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં વડોદરા અને પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. જો રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો કુલ ૧૫૩ તાલુકમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ખેડાના માતરમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે ગુજરાતના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરી છે.

### પાંચ દિવસ પડશે ભારે વરસાદ સૌરાષ્ટ્રને ધમરોળશે મેઘરાજાઃ અંબાલાલ પટેલ

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, 'આગામી પાંચ દિવસોમાં વરસાદથી વંચિત ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, છોટાઉદેપુર અને આણંદ જેવા શહેરોમાં ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ યથાવત રહેવાની શક્યતા છે. ૨૮મી જૂનથી પાંચમી જુલાઈ સુધીમાં રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. આ ઉપરાંત જુલાઈના અંત સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૧૦ ઈંચ સુધી વરસાદ થવાની શક્યતાઓ છે.'

## પોરબંદરમાં ટેકનિકલ ક્ષતિને લીધે સોલાર રૂફટોપ યોજના માત્ર નામની

**સર્વર ડાઉન હોવાથી ક્વોટેશન નીકળતું નથી**

પોરબંદર, તા. ૨૬ઃ વડાપ્રધાન અને મુખ્યમંત્રી લોકોને વિનામૂલ્યે વીજળી મળી તે માટે સોલાર રૂફટોપ યોજનાનો મહત્તમ લાભ લેવા સૂચવે છે તો બીજી બાજુ ખુદ તંત્રમાં જ અનેક પ્રકારની બેદરકારી અને ટેકનિકલ અડચણો આવતી હોવાથી પોરબંદરમાં સંખ્યાબંધ લોકોએ અરજી આપી હોવા છતા તેમને સોલાર રૂફટોપનો લાભ મળતો નથી. પોરબંદરમાં અને રાજ્ય કક્ષાએ જુદા જુદા પ્રકારની ટેકનિકલ ક્ષતિઓના કારણે પોરબંદરના ઘણા લોકોને લાભ મળી શકતો નથી. સૌપ્રથમ સોલાર ફીટ કરાવવા માટે પી.જી.વી.સી.એલ.માં રજિસ્ટ્રેશન થાય છે ત્યારબાદ સોલાર રૂફટોપની કોઇ કંપની પસંદ કરવાની હોય છે. જે તે કંપનીનું નામ પસંદ કરીને ગ્રાહક દ્વારા દસ્તાવેજ આપવામાં આવે છે પછી પી.જી.વી.સી.એલ. દ્વારા મીટર માટેનું કવોટેશન આપવામાં આવે છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે સર્વર ડાઉન અને ટેકનિકલ ક્ષતિઓના લીધે કવોટેશન નીકળતુ નથી અને તેના કારણે જે-તે કંપની ઈચ્છે તો પણ આગળની કાર્યવાહી કરી શકતી નથી. ઉપરોક્ત પ્રશ્નો બાબતે લાખણશીભાઇ ગોરાણીયાએ આ મુદ્દે રજૂઆત કરી છે કે રાજ્ય સરકાર કક્ષાએથી ટેકનિકલ ક્ષતિ દૂર થાય તે પણ જરૂરી છે.

## રાજુલામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

રાજુલા, તા. ૨૬ઃ રાજુલા શહેરમાં કે.એસ.આઈ જમાત રાજુલા દ્વારા શોહદાએ કરબલાની યાદમાં જોલી ટ્રેડ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટ તથા મહુવા હનુમંત હોસ્પિટલન સહયોગથી ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામા આવ્યું હતું. દીપ પ્રાગટય કરી કેમ્પ ખુલ્લો મુકવામા આવ્યો હતો. આ સર્વરોગ નિદાન કેમ્પ અબ્બાસી હોલ ખોજા શિઆ જમાત ખાતે આયોજન કરાયુ હતું.




આ કેમ્પમાં મહુવા હનુમંત હોસ્પિટલના આંખના નિષ્ણાંત ડોકટર, ફિઝિશિયન એમ.એ.સુંદરણી તેમજ સ્ત્રીરોગ નિષ્ણાત ડોકટર રિતિકા ગણાત્રા, કિડની અને પથરીના ડોકટર પ્રશાંત સર્વદે, કાન નાક અને ગળાના ડોકટર વિપુલ વળ્યા, દાંતના સ્પેશ્યાલિસ્ટ ડોકટર મીત જોશી, જનરલ સર્જન ડોકટર એમ.એમ.કુરેશી સહિતના નિષ્ણાંત ડોકટર ટીમે કેમ્પમાં પોતાની સેવા આપેલ હતી. આ સર્વરોગ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામા લોકોએ લાભ લીધો હતો. તેમજ મોતિયાના ઓપરેશનની જરૂર પડશે તેઓને તદ્દન નિશુલ્ક પણે ઓપરેશનની વ્યવસ્થા પણ કરાઇ હતી.

સમગ્ર કાર્યક્રમમાં દવા તેમજ સારવાર માટેના થતા ખર્ચના મુખ્ય દાતા જોલી ટ્રેડ ઈનફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટના સહયોગ આપ્યો હતો. આ સાથે જોલી ટ્રેડ ઇનફ્રા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા હનુમંત હોસ્પિટલને રૂપિયા એક લાખનું યોગદાન આપવામા આવ્યું. આ તકે પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, દિપકભાઈ ઠક્કર, વિનુદાદા વોરા, તેમજ રાજુલા શહેરના વેપારીઓ તથા ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો સહિત બહોળી સંખ્યામા લોકોએ હાજર રહ્યા હતાં.

# સોરઠના સાંસદ રાજેશ ચુડાસમાની ધમકીભર્યા નિવેદન સામે ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીની પોલીસ ફરીયાદ

## 'મે સાંસદ વિરૂદ્ધ કામ કર્યું હોય અને ડો. ચગના કેસમાં ન્યાયની માંગણી કરી હોવાથી સાંસદ તેમના મળતીયાઓ મારફતે મારા પર હુમલો કરાવી શકે છે': રાકેશ દેવાણી

વેરાવળ, તા. ૨૬: લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ભાજપમાં રહેલ આંતરીક જૂથવાદ સામે આવી રહ્યો છે. દરમ્યાન ગીર સોમનાથમાં આભાર દર્શનના એક કાર્યક્રમમાં સોરઠનાં સાંસદે જાહેર મંચ પર થી કહ્યું હતું કે, ભાજપ હિસાબ કરે કે ના કરે... પણ મને ચુંટણીમાં જે નડ્યા છે એને હું આ પાંચ વર્ષમાં નહીં મુકું...'' આ નિવેદનને લઈ વેરાવળ લોહાણા સમાજના અગ્રણી અને જિલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ પોલીસવડાને લેખીત પત્ર લખીને સાંસદ તેના મળતીયાઓ મારફત પોતાના પર હૂમલા કરાવી શકે તેવી દહેશત વ્યક્ત કરી છે. જેથી આ મામલે કાર્યવાહી કરવા માંગણી કરી છે.

વેરાવળ ખાતે રહેતા અને બીલ્ડીંગ કોન્ટ્રાકટર લોહાણા સમાજની સેવાકીય પ્રવૃતિ કરતા અને જિલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ જિલ્લા પોલીસવડાને લેખિત અરજી કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર રાજેશભાઈ ચુડાસમા વિરૂદ્ધ ગત ચૂંટણી સમયે






### પરીણામો બાદ ભાજપમાં જૂથવાદ સપાટી પર આવવા લાગ્યો

ચુંટણીના પરીણામો આવ્યા બાદ સોરઠનું રાજકારણ ગરમાયુ છે. એક પછી એક ભાજપના જવાબદાર નેતાઓ ચર્ચાસ્પદ નિવેદનો કરી રહ્યા છે. જેમાં માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાએ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સામે વિડીયો મારફતે નિવેદનો કર્યા બાદ સોરઠના સાંસદ રાજેશ ચુડાસમાએ કાર્યકરોને કરેલા સંબોધનમાં ધમકીભર્યુ નિવેદન કરતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ત્યારે હવે આ નિવેદન સામે જીલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ પોલીસમાં સાંસદ સામે જ ફરીયાદરૂપી લેખીત અરજી કરી છે. આમ સોરઠ ભાજપના નેતાઓમાં દબાયેલો જૂથવાદ ખુલ્લીને બહાર આવ્યો છે ત્યારે આગામી દિવસોમાં હજુ ઘણા રાજકીય વિસ્ફોટો થશે તેવું રાજકીય તજજ્ઞોમાં ચર્ચાય રહ્યુ છે.

કામગીરી કરી હોય આ ઉપરાંત સેવાભાવી તબીબ ડો.અતુલ ચગની આત્મહત્યામાં નોંધાયેલ ગુનામાં સાંસદ આરોપી હોવાથી તેમાં ન્યાય અપાવવા માંગણી કરતા નિવેદનો કરી સાંસદનો વિરોધ કર્યો હતો. દરમ્યાન થોડા દિવસ પહેલા જાહેરમંચ પરથી સાંસદે ધમકીભર્યુ નિવેદન આપતા કહેલ કે, 'ભાજપ હીસાબ કરે કે ના કરે પણ હું આ પાંચ વર્ષમાં મને જે નડયા છે તેને મુકવાનો નથી. જેથી મને ડર લાગી રહ્યો હોય સાંસદ તેમના મળતીયાઓ દ્વારા મારા પર હુમલો પણ કરાવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. અતુલ ચગ આપઘાત કેસમાં સાંસદ રાજેશ ચુડાસમા અને તેના પિતા નારણભાઈ ચુડાસમા વિરુદ્ધ પોલીસમાં ગુનો નોંધાયો હોય તપાસ ચાલુ છે. જયારે કોર્ટ દ્વારા આરોપીઓની ધરપકડના કરવી એવો કોઈ સ્ટે કે હુકમ કરેલ ન હોવા છતાં આરોપી સાંસદ રાજેશ ચુડાસમા અને તેના પિતા નારણભાઈની હજુ સુધી પોલીસે અટકાયત કે ધરપકડ કરી નથી.

# વેરાવળ વનવિભાગે ગેરકાયદેસર સિંહ દર્શન કરવાની પેરવી કરી રહેલા ત્રણ યુવકોને ઝડપી લઈ ૨.૫ લાખનો દંડ ફટકાર્યો

વેરાવળ, તા. ૨૬: ગીર જંગલ વિસ્તારમાં છાશવારે ગેરકાયદેસર સિંહ દર્શન અને સિહોની પજવણીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે વેરાવળના ત્રણ યુવકોને ગેરકાયદે સિંહ દર્શન કરવાનો ઈરાદો ભારે પડયાની ઘટના સામે આવી છે. વેરાવળ નજીકના જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર સિંહ દિવસના ઈરાદે પ્રવેશેલા ત્રણ યુવકોને વન વિભાગએ ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અઢી લાખનો દંડ વસુલયો છે.

આ અંગે વેરાવળ રેન્જ ફોરેસ્ટર ખીમાનંદ પંપાણીયાએ માહિતી આપતા



જણાવ્યું હતું કે, વેરાવળ નજીકના પંડવા મંડોર વિડી વિસ્તાર કે જે પ્રતિબંધિત જંગલ વિસ્તાર છે આ જંગલ વિસ્તારમાં તારીખ ૨૧ ની રાત્રિના અમુક ઈસમો ગેરકાયદેસર સિંહ દર્શનના ઈરાદે પ્રવેશ કર્યા હતા અને જેની જાણ પેટ્રોલિંગમાં રહેલ વન વિભાગના સ્ટાફને સ્થાનિકો દ્વારા કરવામાં આવતા વન વિભાગ નો સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચ્યો હતો. જ્યાં વન વિભાગની ટીમને જોઈ ત્રણે ઈસમો ઘટના સ્થળેથી નાસી છૂટ્યા હતા વન વિભાગ દ્વારા ઘટના સ્થળેથી આ યુવકોની ત્રણ મોટરસાયકલ કબજે લેવામાં આવી હતી અને બાદમાં સિંહ દર્શનના ઈરાદે જંગલમાં ગેરકાયદેસર પ્રવેશેલા આ ત્રણેય ઈસમો વેરાવળ વન વિભાગ સમક્ષ હાજર થતા ત્રણેય વેરાવળ ના બહાર કોટ વિસ્તારમાં રહેતા મુસ્લિમ કાકાસીયા અબદુલાહ અંજુમ ઉ.વ ૨૧, કાપડિયા અંબાર સોયબ ઉ.વ ૧૭, અને પંજા અબ્દુલ્લા આરીફ ઉ.વ ૧૭ હોવાનું સામે આવ્યું હતું.

# ચોરીના ત્રણ મોટર સાયકલો સાથે એક શખસને પકડતી રાજકોટ શહેર એ-ડીવીઝન પોલીસ

રાજકોટ, તા. ૨૬: રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગદીશ બાંગરવા સાહેબ (ઝોન-૨) તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી રાધીકા ભારાઈ સાહેબ (દક્ષીણ વિભાગ) દ્વારા મિલ્કત સંબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઇલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડીટેકટ ગુન્હાઓની અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય, જે અન્વયે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર આર.જી.બારોટ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. એમ.વી.લુવા તથા ડી-સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ અજયભાઈ બસીયા તથા પો.કોન્સ.



રમેશભાઇ માલકીયા તથા સંજયભાઈ ચોહાણ નાઓને હકિકત મળેલ કે જીલ્લા ગાર્ડન ચોક પાસેથી એક ઇસમ ચોરીના એકટીવા સાથે ઉભેલ છે તેવી હકિકત મળતા તુરત જ સદરહુ જગ્યાએ જઈ તપાસ કરતા સદરહુ આરોપીનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ હનીફશા ઇબ્રાહીમશા શાહમદાર જાતે.ફકીર ઉ.વ.૩૫ રહે. બાબરીયા કોલોની આવાસ રાજકોટ વાળો હોવાનુ જણાવેલ સદરહુ ઇસમને પોકેટકોપ એપ્લીકેશન મારફતે ચેક કરતા અગાઉ ચોરીમા પકડાયેલ હોય અને હાલમા પોતાના કબ્જામા રહેલ એકટીવા ગઈ તા.૨૧ના રોજ નાગરીક બેન્ક પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાવતો હોય જેથી સદરહુ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા તેણે આજથી સાતેક દિવસ પહેલા રાજકોટ કુવાડવા રોડ મારૂતીનગર મેઇન રોડ શિવમ કલીનીક પાસેથી હોન્ડા પ્લેટીના ચોરી કરી હોવાનુ જણાવેલ તેમજ દસેક દિવસ પહેલા મોરબી શહેર સુભાષ રોડ પાસેથી એક જયુપીટર મો.સા. ચોરી કરી હોવાનુ કબુલાત આપતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પુનીતનગર કર્મચારી સોસાયટીના ઘર ઉપર પીજીવીસીએલનો મોતનો માંચડો



## ૬૬ કે.વી. વિજલાઈન હિસાબે કેટલાયે લોકોના જીવ ગયા છે

રાજકોટ, તા., ૨૬: પુનીત નગર કર્મચારી સોસાયટીમાં લગભગ ૩૦ થી ૪૦ જેટલા મકાનની ઉપરથી ૬૬ કે.વી. વીજલાઈન પસાર થાય છે. આ વીજ લાઈન ૧ બાળક અને એક મહિલાનો જીવ લઈ ચુકેલ છે. આવી ગંભીર બાબત હોવા છતા પી.જી.વી.સી.એલ. અત્યાર સુધી કોઈ એકશન લીધેલ નથી અનેક રજુઆતો કરવા છતા તંત્ર દ્વારા કોઈ જવાબ મળેલ નથી.

તો શું હજુ વધુ ટી.આર.ટી. ગેમ ઝોન જેવા આગળ બનાવ બને તેની રાહ જોઈ રહી છે શું પી.જી.વી.સી.એલ.?

હાલમાં પુનીતનગરમાં રહેલા આ વીજવાયરથી પીડીત પરીવારોની વેદના એ છે કે તેઓ પોતાનું ઘર હોવા છતા બીક હિસાબે ઘરની અગાસી ઉપર જઈ શકતા નથી. વીજવાયર નજીકથી પસાર થતો હોવાથી બાળકો ઉતરાયણ કે અન્ય બીજા તહેવારોની પણ મજા લઈ શકતા નથી. આ ઉપરાંત વરસાદમાં શોર્ટ શર્કિટની બીક અને ગરમીમાં વીજ વાયર નીચો આવતો રહે છે તો નીચુ વળીને હાલવુ પડે છે. રોજ જીવના જોખમે અવર જવર કરવી પડે છે. આવી પરીસ્થીતીમાં હજુ કોઈના જીવનો ભોગ લેવાશે તો આનુ જવાબદાર કોણ?

સોસાયટીના લોકોએ રજૂઆત કરી હતી કે, વીજવાયર ઉચો લઈ લેવામાં આવે કાં તો તેને કાઢી નાખવામાં આવે.

# ધોરાજીમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન અડધો કલાકમાં અડધો ઇંચ વરસાદ



ધોરાજી, તા. ૨૬: ધોરાજીમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન અડધો કલાકમાં અડધો ઇંચ વરસાદ આવ્યો હતો.

ધોરાજી શહેરમાં તેમજ આજુબાજુ વિસ્તારોમાં મેઘરજાએ સાંજે ધમાકેદાર એન્ટ્રી કરતા અને ભારે ગાજ વીજ સાથે વરસાદ શરૂ થતા લોકોમાં આનંદ છવાયો હતો

ચોમાસાના પ્રારંભ સાથે પ્રથમ વખત આ રીતે ધોરાજીમાં સારો વરસાદનો પ્રારંભ થયો હતો. લોકોમાં છેલ્લા ઘણા સમયથી ભારે ગરમીને હિસાબે ત્રાસી ગયા હતા પરંતુ આજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા રસ્તા ઉપર પાણી વહી ગયું હતું.


ધોરાજીમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન અડધો કલાકમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો

આ પ્રકારે વરસાદ આવતા લોકોમાં રાહતની લાગણી અનુભવાય હતી.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના

વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
**વોટ્સએપ** પર
**Hi લખીને મોકલો**



**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...